RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 348 * Date: 09.10.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

પુતિનના જન્મ દિવસે યુક્રેનમાં મિસાઇલ હુમલા, ૨૨નાં મોત



યુક્રેનના ૯૦૦થી વધુ ડ્રોન હુમલા બાદ રશિયાએ વળતો પ્રહાર કરી યુક્રેનના રહેણાંક વિસ્તારો પર મિસાઈલ હુમલા કર્યા. કીવ સહિત ૧૨ વિસ્તારોમાં થયેલા હુમલામાં ૨૨થી વધુ નાગરિકોના મોત થયા, જેમાં ૪ બાળકો પણ સામેલ છે, અને ૬૦થી વધુ ઘાયલ થયા. ઝેલેન્સ્કીએ એર ડિફેન્સ મિસાઈલોની મદદ માંગી. રશિયન ટેન્કર પર યુક્રેનના હુમલાથી ૨૩ ભારતીય ક્રૂને બચાવાયા.યુક્રેનના ૯૦૦થી વધુ ડ્રોન હુમલાનો રશિયાએ બીજા જ દિવસે જવાબ આપી કચ્ચરઘાણ કાઢ્યો.રહેણાંક વિસ્તારો પર રશિયન મિસાઈલો ત્રાટકતા ૬૦થી વધુ નાગરિકો ઘાયલ, મૃતકોમાં ચાર બાળકો પણ સામેલરશિયાની મિસાઈલો અમારા માટે મોટો પડકાર, હાલ એર ડિફેન્સ મિસાઈલોની ખાસ જરૂર : ઝેલેન્સ્કીની અપીલયુક્રેને રશિયાના બે ઓઈલ મથકો, એક ટેન્કર પર હુમલા કર્યા : ૨૩ ભારતીય ક્રૂને રેસ્ક્યૂ કરી બચાવાયામોસ્કો/કીવ : યુક્રેને ૯૦૦થી વધુ ડ્રોનનો મારો ચલાવ્યા બાદ હવે રશિયાએ યુક્રેન પર તાજેતરનો સૌથી મોટો મિસાઈલ હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનના અનેક રહેણાંક વિસ્તારોમાં રાતભર હુમલા કર્યા હતા, જેમાં યુક્રેનના ૨૨થી વધુ નાગરિકોના મોત નિપજયા હતા. માર્યા ગયેલા લોકોમાં ચાર બાળકોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૬૦થી વધુ નાગરિકો ઘાયલ થયા છે જેમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર છે. ૨૩ ભારતીયો સાથે જઈ રહેલા રશિયન ટેન્કર પર યુક્રેને પણ વળતો હુમલો કર્યો હતો.રશિયાએ યુક્રેન પર કબજો કરવાના ઈરાદાથી સાડા ચાર વર્ષ પહેલા શરૂ કરેલુ યુદ્ધ હાલ પણ યથાવત છે, યુક્રેન અને રશિયા બન્ને એકબીજા પર લાંબા અંતરવાળી મિસાઈલો અને ડ્રોનથી હુમલા કરી રહ્યા છે. યુક્રેનના ઉત્તરીય પ્રાંત કેરનીહીવમાં પ્રીલુકી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ પર રશિયાએ હુમલો કર્યો હતો જેને કારણે આખી ઈમારત નાશ પામી હતી. આ હુમલામાં જ સૌથી વધુ નાગરિકો માર્યા ગયા હતા. યુક્રેનની રાજધાની કીવ સહિત અન્ય ત્રણ શહેરો સહિત કુલ ૧૨ જેટલા ક્ષેત્રોને નિશાન બનાવીને પણ હુમલા કરાયા હતા.ઈરાનમાં યુદ્ધને કારણે હાલ યુક્રેન પાસે રશિયા જેવી મિસાઈલો નથી પહોંચી રહી, હાલ આ મિસાઈલોની અછત હોવાના અહેવાલો છે. યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિયાની મિસાઈલો અમારા માટે હાલ સૌથી મોટો પડકાર બની ગઈ છે. અમારા માટે હાલ એર ડિફેન્સ પેકેજ બહુ જ જરૂરી છે. ઝેલેન્સ્કીએ અન્ય દેશો પાસેથી એર ડિફેન્સ સિસ્ટમ મુદ્દે મદદ માગી હતી. ૭મી ઓક્ટોબરે રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનનો ૭૫મો જન્મ દિવસ હોવાથી યુક્રેન પર આ મિસાઈલો છોડવામાં આવી હોવાના પણ અહેવાલો છે. યુક્રેનને પહેલાથી જ અંદાજ હતો કે પુતિનના જન્મ દિવસ પર રશિયા જરૂર મોટા હુમલા કરશે.બીજી તરફ યુક્રેન દ્વારા પણ રશિયા પર બાદમાં વળતો હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે યુક્રેને રશિયાના અસ્ત્રાખન, સમરા, પેરમ વિસ્તારમાં બે ઓઈલ મથક પર હુમલા કર્યા હતા. સાથે જ રશિયન શહેર સોચી પાસે બ્લેક સમુદ્રમાં રશિયન ઓઈલ ટેન્કરનો અમે નાશ કર્યો હતો. જેના પુરાવા તરીકે ઝેલેન્સ્કીએ સળગતા ટેન્કરની તસવીરો પણ જાહેર કરી હતી. જોકે ઝેલેન્સ્કીના આ દાવા અંગે રશિયા દ્વારા કોઈ જ ટિપ્પણી કરવામાં આવી નહોતી. એવા અહેવાલો છે કે યુક્રેને રશિયાના જે ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો હતો તે લાયબેરિયાથી રશિયા જઈ રહ્યું હતું, જેમાં આશરે ૨૩ જેટલા ભારતીય ક્રૂ સવાર હતા. આ તમામ લોકોને રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

ટ્રમ્પે ફરી શાંતિના નોબેલ પારિતોષિકની માગ કરી, કહ્યું- મેં ૮ યુદ્ધમાં સમાધાન કરાવ્યું, હું ખોટું નથી બોલતા



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કર્યો છે. વ્હાઈટ હાઉસથી તેમણે જણાવ્યું કે ૮ યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યો છે, જે કોઈ અન્ય પ્રમુખે નથી કર્યો. આ બડાઈ નહીં પણ હકીકત છે, અને ટૂંક સમયમાં વધુ એક મોટી સફળતા મળશે. બીજી તરફ, રશિયામાં પ્લેગ ઈન્સ્ટિટ્યૂટમાં ૨૮ વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાથી મૃત્યુ થયું છે, જેમાં ૨૦૦ લોકો મેડિકલ દેખરેખ હેઠળ છે. ટ્રમ્પે તેને બાયોવેપન હોવાની શક્યતા નકારી.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર દાવો કર્યો છે. વ્હાઈટ હાઉસથી આપેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, 'મેં ૮ જેટલા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધી કોઈ અન્ય પ્રમુખએ નથી કર્યું. આ કોઈ બડાઈ નથી પરંતુ વાસ્તવિક હકીકત છે.' તેમ જણાવીને તેમણે ટૂંક સમયમાં જ વધુ એક મોટી સફળતા મળવાનો સંકેત પણ આપ્યો છે.નોબલ પુરસ્કાર માટેના દાવા અને તથ્યોટ્રમ્પ અગાઉ પણ ઘણી વખત નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે અને પોતાના રિપ્લોમેટિક રેકોર્ડને આ પુરસ્કાર માટે લાયક ગણાવતા રહ્યા છે. જો કે, ફેક્ટ-ચેકર્સ દ્વારા તેમના આ દાવાઓને વારંવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા ઔપચારિક યુદ્ધો નહોતા અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી.રશિયામાં પ્લેગની ઘટના પર ટ્રમ્પનું નિવેદનઆ ઉપરાંત, રશિયાના સાઈબેરિયામાં એક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી ૨૮ વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાથી મોત નીપજ્યું છે. આ ઘટના બાદ તેના સંપર્કમાં આવેલા આશરે ૨૦૦ લોકોને મેડિકલ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને સવાલ કરવામાં આવ્યો કે શું આ કોઈ બાયોવેપન (જૈવિક હથિયાર) છે

ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી અને જાપાનના કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલ



સ્વીડનની રોયલ એકેડમીએ ૨૦૨૬નો કેમિસ્ટ્રીનો નોબેલ ફ્રાન્સના હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઆઈને સંયુક્ત રીતે આપ્યો છે. આ વૈજ્ઞાનિકોએ રસાયણ વિજ્ઞાનના ૧૦૦ વર્ષ જૂના રહસ્યનું નિરાકરણ શોધી કાઢ્યું છે. આ શોધ દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી બનાવવામાં મદદ કરશે, ખાસ કરીને કેન્સર જેવી બીમારીઓની દવાઓ માટે આ ફાયદાકારક સાબિત થશે.ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી અને જાપાનના કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલકેમિસ્ટ્રીના ૧૦૦ વર્ષ જૂના રહસ્યનું નિરાકરણ શોધ્યુંદવાઓ, ફ્લેવર, સુગંધની નવી સામગ્રી બનાવવા માટે રાસાયણિક પ્રક્રિયામાં વૈજ્ઞાનિકોને આ શોધ મદદ કરશેકેન્સર, સંક્રમણ જેવી બીમારીઓની દવાઓ બનાવવામાં હેનરી, કેન્સોની શોધ ફાયદાકારક સાબિત થશેનવી દિલ્હી : સ્વીડનની રોયલ એકેડમીએ વર્ષ ૨૦૨૬નો કેમિસ્ટ્રીનો નોબેલ સંયુક્ત રીતે બે વૈજ્ઞાનિકોને આપ્યો છે. ફ્રાન્સના હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઆઈને આ વર્ષનો રસાયણ વિજ્ઞાનનો નોબેલ આપવામાં આવ્યો છે. આ વૈજ્ઞાનિકોએ કેમિકલના ૧૦૦ વર્ષ જુના એક કોયડાનું સમાધાન શોધી કાઢ્યું છે. આ સંશોધને દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી બનાવવા માટે રાસાયણિક પ્રક્રિયા વિકસિત કરનારા વૈજ્ઞાનિકોના કામને નવી દિશા આપી છે.આપણા શરીરના લોહી, માંસ, પ્રોટીન એક જ પ્રકારના અણુથી બનેલા છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં હોમોચિરેલિટી કહેવામાં આવે છે. અમીનો એસિડ નામના અણુ પ્રોટીન બનાવે છે જે બે સ્વરુપમાં હોય છે. જોકે આપણા શરીરમાં માત્ર એક જ રૂપ મળે છે. બીજુ સ્વરૂપ પ્રકૃતિમાં બહુ જ ઓછુ દેખાય છે. જોકે જ્યારે વૈજ્ઞાનિક લેબમાં આ અણુ બનાવવામાં આવે તો બન્ને સ્વરૂપ બરાબર માત્રામાં બની જાય છે. દવા બનાવનારા એટલા માટે મુંજવણમાં હતા



વિશ્વ દ્રષ્ટિ દિવસ : ગુજરાતમાં અંધત્વનો દર વર્ષ-૨૦૩૦માં ૦.૨૦% કરવાનો લક્ષ્યાંકહાલનો દર ૦.૨૫%



ગુજરાતમાં અંધત્વનો દર હાલના ૦.૨૫ ટકાથી ઘટાડીને વર્ષ-૨૦૩૦ સુધીમાં ૦.૨૦ ટકા કરવાનો રાજ્ય સરકારે લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ માટે હવે રાજ્યમાં ૪૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ નાગરિકોની આંખોની તપાસ માટે વિશેષ ત્રિ-સ્તરીય કોમ્યુનિટી આઈ સ્ક્રિનિંગ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલ ખાતે ૨૭મા વિશ્વ દ્રષ્ટિ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. વય વધવાની સાથે મોતિયા, ગ્લુકોમા સહિતની દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધતું હોવાથી રાજ્ય સરકાર દ્વારા ૪૦ વર્ષથી વધુ વયના નાગરિકોની સમયસર આંખોની તપાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ત્રિ-સ્તરીય સ્ક્રિનિંગના માધ્યમથી ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં નાગરિકોની આંખોની તપાસ કરી દ્રષ્ટિની ખામીનું વહેલું નિદાન કરવામાં આવશે. જરૂરિયાત મુજબ આગળની સારવાર માટે દર્દીઓને રિફર કરવામાં આવશે. આંખની બીમારીનું વહેલું નિદાન થવાથી દ્રષ્ટિ ગુમાવવાનું જોખમ ઘટાડી શકાય છે અને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવી શકાય છે.રાજ્ય સરકારની "મોતિયા અંધત્વ મુક્ત ગુજરાત" ઝુંબેશ હેઠળ મોતિયાના દર્દીઓને અત્યાધુનિક હાઈડ્રોફોબિક નેત્રમણિ (IOL) સાથે ફેકોઇમલ્સિફિકેશન પદ્ધતિથી ઓપરેશનની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની સર્જરીનો ખર્ચ સામાન્ય રીતે ૩.૬૦ હજારથી ૩.૮૦ હજાર સુધી થાય છે, જ્યારે સરકારી આરોગ્ય વ્યવસ્થા હેઠળ આ સારવાર નાગરિકોને મફત મળી રહી છે. આ યોજનાનો સીધો લાભ ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને મળી રહ્યો છે.

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય નેત્રજ્યોતિ અભિયાન હેઠળ મોતિયાના નિર્ધારિત લક્ષ્યાંકોની સામે ગુજરાતે કામગીરી કરીને દેશમાં અગ્રસ્થાન જાળવી રાખ્યું છે. રાજ્યમાં મેડિકલ કોલેજો, સુસજ્જ આઈ હોસ્પિટલ, ચક્ષુદાન કેન્દ્રો તથા અન્ય આરોગ્ય માળખાના માધ્યમથી નેત્ર સારવારનું નેટવર્ક વધુ મજબૂત કરવામાં આવી રહ્યું છે.

બાળકોમાં દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ઈમ્જીદ્ધ ૨.૦ હેઠળ ૦થી ૧૮ વર્ષના બાળકોની દ્રષ્ટિ તપાસ, જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે ચશ્માં તથા જરૂરી સારવારની વિગતોને હવે ઈઝ્રઉઁ+ પોર્ટલ સાથે જોડવામાં આવી છે. આ વ્યવસ્થાથી બાળકની આંખની તપાસથી લઈને સારવાર સુધીની વિગતોનું ડિજિટલ મોનિટરિંગ શક્ય બનશે.

તંત્રી લેખ

ડૉલર સામે રૂપિયો ૯૭ને પાર, સેન્સેક્સ-નિફ્ટીમાં પ્રચંડ કડાકો, ચાંદી પણ તૂટી, ક્રૂડ ઓઈલમાં ભડકો

ગઈકાલે અને આજે એમ બે દિવસથી શેરબજાર હોય કે એમસીએક્સ બજાર બંને જગ્યાએ કડાકાનો જ દોર જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી હોય કે સોના કે ચાંદીની બંને જગ્યાએ કડાકો જ દેખાયો છે. જ્યારે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પણ ભડકો બોલાયો છે. જ્યારે ડૉલર સામે રૂપિયો આજે ઐતિહાસિક રીતે ૯૭ રૂપિયાના લેવલને પાર કરી ગયો છે જે ભારત માટે ચિંતાનો વિષય છે.

ગઈકાલે સેન્સેક્સમાં ૭૨૯૬૫ પર બજાર ઓપન થયું હતું. જ્યારે તેણે ૭૩૦૧૮ની ટોચ બનાવી હતી. જોકે જોત જોતામાં સેન્સેક્સ ગબડીને ૭૨૪૬૮ પર આવી ગયું હતું. છેલ્લે બજાર બંધ થવા સુધીમાં થોડી રિકવરી સાથે સેન્સેક્સ ૭૨૬૩૮ પર બંધ થયું હતું. તેના પરથી કહી શકાય કે સેન્સેક્સમાં ગઈકાલે ૩૮૦ પોઈન્ટનો કડાકો બોલાયો હતો. જ્યારે આજે સેન્સેક્સ ફરી એકવાર ૭૨,૬૩૮.૭૦ પર ખુલ્યો હતો અને પછી ૭૧,૭૩૫.૯૧ ની નીચલી સપાટી બનાવી હતી. એટલે કે આજે કુલ ૯૦૩ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો છે. બે દિવસમાં સેન્સેક્સની સ્થિતિની વાત કરીએ તો કુલ ૧૨૮૩ પોઈન્ટનો કડાકો અત્યાર સુધી થઈ ચૂક્યો છે.બે દિવસમાં નિફ્ટીની પણ હાલત દયનીય દેખાઈ છે. નિફ્ટી ગઈકાલે ૨૨૬૯૦ પર ખુલી હતી અને ૨૨૭૧૭ ની ટોચે પહોંચી હતી. ત્યારબાદ ૨૨૫૪૬ ની નીચલી સપાટીને સ્પર્શી ગઈ હતી. જ્યારે બજાર બંધ થતા થતા ૨૨૬૦૩ પર બંધ થઈ હતી. નિફ્ટીમાં ગઈકાલનો કડાકો ૧૭૧ પોઈન્ટનો રહ્યો હતો. જોકે આજે પણ નિફ્ટીમાં ભયાનક સ્તરે કડાકાની સ્થિતિ જોવા મળી રહી છે. નિફ્ટીમાં આજે ૩૦૫ પોઈન્ટથી વધુનો કડાકો આવી ચૂક્યો છે. આજે નિફ્ટી ૨૨,૫૯૯.૦૫ પર ઓપન થઈ હતી અને પછી ૨૨,૫૯૯.૦૫ સપાટીથી જ તેમાં કડાકાની સ્થિતિ જોવા મળી હતી.

શેઠ એમ. એન. હાઈસ્કૂલ, પાટણના બે વિદ્યાર્થીઓ રૂરલ આઈ.ટી. ક્વિઝમાં ટોપ ફાઈવમાં

પરમાર સાહિલ દ્વિતીય અને સથવારા ભવ્ય ચતુર્થ ક્રમે; બંને વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી

ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગ્વેત્રર્ઝજી) દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને માહિતીપ્રદ ક્ષેત્રો પ્રત્યે રુચિ વિકસે તેમજ સંશોધનાત્મક અભિગમ કેળવાય તે હેતુથી દર વર્ષે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પાટણ ખાતે લોક વિજ્ઞાન કેન્દ્ર, આદર્શ વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી.

આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પાટણ જિલ્લાના વિવિધ તાલુકાઓની કુલ ૨૫ શાળાઓના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના પ્રથમ તબક્કામાં અંગ્રેજી ભાષામાં



લેખિત સ્ઝઊ ટેસ્ટ યોજાયો હતો. ત્યારબાદ પસંદગી પામેલા વિદ્યાર્થીઓ વચ્ચે અંગ્રેજી ભાષામાં જ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત શેઠ એમ. એન. હાઈસ્કૂલ, પાટણના ધોરણ-૧૧ સાયન્સના વિદ્યાર્થીઓ પરમાર સાહિલ રાજેશભાઈ અને સથવારા ભવ્ય ભરતભાઈએ શાળાના સાયન્સ પ્રવાહના મદદનીશ શિક્ષક રમેશભાઈ વાગડિયાના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.

શેઠ એમ. એન. હાઈસ્કૂલ માટે આનંદ અને ગૌરવની બાબત એ છે કે, બંને વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની આ રૂરલ આઈ.ટી. ક્વિઝમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ટોપ ફાઈવમાં સ્થાન મેળવ્યું છે. કુલ ૨૫ શાળાઓના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ વચ્ચે અંગ્રેજી ભાષામાં

યોજાયેલી સ્પર્ધામાં પરમાર સાહિલ રાજેશભાઈએ દ્વિતીય ક્રમ અને સથવારા ભવ્ય ભરતભાઈએ ચતુર્થ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

આ સાથે જ બંને વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા માટે પાટણ જિલ્લાની ટીમમાં પસંદગી થઈ છે. હવે બંને વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પાટણ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના બંને વિદ્યાર્થીઓની આ સિદ્ધિ શાળા પરિવાર માટે ગૌરવની બાબત બની છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ઉત્તર ગુજરાત યુવક મંડળના માનનીય પ્રમુખશ્રી ડૉ. જે. કે. પટેલ, માનનીય મંત્રીશ્રી મનસુખભાઈ પટેલ, શાળાના ઉત્સાહી આચાર્ય ડૉ. ધનરાજભાઈ ઠક્કર તથા સમગ્ર શાળા પરિવારે બંને વિદ્યાર્થીઓ પરમાર સાહિલ રાજેશભાઈ અને સથવારા ભવ્ય ભરતભાઈ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષક રમેશભાઈ વાગડિયાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિજેતા બનવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

શરાબ, મશીદ અને ખુદાઃ ગાલિબથી મુનવ્વર સુધીનો એક જ સવાલ, પાંચ જવાબ! (સંત સુરા)

એક શેર છે, પણ તે શેર નથી, તે આખી અદાલત છે. જેમાં મુદ્દો છે - માણસ ક્યાં જઈને પોતાનો ગમ હળવો કરે?

મિર્ઝા ગાલિબ કહે છે - ઝાહિદ, શરાબ પીવા દે મશીદમાં બેસીને, અથવા એ જગ્યા બતાવ જ્યાં ખુદા ન હોય. ગાલિબનો સવાલ બહુ મોટો છે. તે કહે છે કે જો ખુદા દરેક જગ્યાએ છે, તો પછી મશીદમાં પીવામાં શું વાંધો છે? અને જો મશીદમાં પીવાની મનાઈ છે, તો એવી જગ્યા બતાવ જ્યાં ખુદા નથી. એટલે કે માણસ ગમે ત્યાં જાય, ખુદાની નજરથી બચી શકતો નથી. તો પછી આ ઢોંગ શું કામ? ગાલિબ અહીં ધર્મના ઠેકેદારોને પડકારે છે.

આ સવાલનો જવાબ ૫૦ વર્ષ પછી અલ્લામા ઇકબાલે આપ્યો. તેમણે કહ્યું - મશીદ ખુદાનું ઘર છે, પીવાની જગ્યા નથી, કાફિરના દિલમાં જા ત્યાં ખુદા નથી. ઇકબાલે સીધી લીટી દોરી દીધી. તેમણે કહ્યું કે મશીદની એક મર્યાદા છે, એક અદબ છે.

પણ વાત અહીં અટકી નહીં. અહમદ ફરાઝ આવ્યા. તેમણે કહ્યું કે હું કાફિરના દિલથી જ આવ્યો છું, મેં જોયું કે ખુદા ત્યાં પણ છે, પણ તે કાફિરને જ ખબર નથી. આપણે જેને દુશ્મન સમજીએ છીએ, તેના દિલમાં પણ ખુદા વસે છે.

પછી વસી શાહ આવ્યા. તેમણે કહ્યું - ખુદા તો હાજર છે દુનિયામાં દરેક જગ્યાએ, તું જન્નતમાં જા ત્યાં પીવાની મનાઈ નથી.

અને છેલ્લે મુનવ્વર લખનવીએ આખું તત્વજ્ઞાન જ પૂરું કરી દીધું - પીઉં છું ગમ-એ-હસ્તી મિટાવવા માટે સાકી, જન્નતમાં વળી કયો ગમ છે કે ત્યાં પીશ?

આ પાંચ શેરમાં માણસની આખી યાત્રા છે. ગાલિબ સવાલ કરે છે, ઇકબાલ નિયમ બનાવે છે, ફરાઝ નિયમમાં માણસાઈ શોધે છે, વસી તેમાં પ્રેમ શોધે છે અને મુનવ્વર તેમાં દર્દ શોધે છે. આજે આપણે મશીદ, મંદિરના ઝઘડામાં માણસને કાફિર બનાવી દઈએ છીએ, પણ ફરાઝ યાદ અપાવે છે કે કાફિરના દિલમાં પણ ખુદા છે!

દાદ અદા!વાહ રે વાહ ઉસ્તાદ!સુભાનઅલ્લાહ!ક્યા કહેને! બહૂત અચ્છે!દિલ જીત લિયા!ઉફ્ફ! ક્યા બાત હૈ!ઇક બાર ઔર, હો જાયે! ફરમાઈશ!મજા આ ગયા!આદાબ અરજ હૈ!સલામ! સજદામાં!દિલ સે શુક્રિય!કરમ હૈ નવાઝિશ...સુનિલ બર્મન.સંત સુરા.સુરત

દેશના ખૂણે-ખૂણે પર પહોંચ્યું, ૫૦ કરોડ લોકો ગેમિંગ સેક્ટર સાથે જોડાયા: IMCમાં PM મોદીનું સંબોધન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ'ના ૧૦મા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું. ૧૦ ઓક્ટોબર સુધી ચાલનારા આ એશિયાના સૌથી મોટા ટેક ઈવેન્ટમાં દેશ-વિદેશની કંપનીઓ ભાગ લઈ રહી છે. મોદીએ મોબાઈલ ગવર્નન્સ, ડિજિટલ ઈન્ડિયા, સાયબર સુરક્ષા અને ગેમિંગ સેક્ટરના મહત્વ પર ભાર મૂક્યો. ૫૨, ૬૨, છૈં,ૅ જેવી ભવિષ્યની ટેકનોલોજીનું પ્રદર્શન અહીં જોવા મળશે.નવી દિલ્હીના યશોભૂમિ ખાતે એશિયાના સૌથી મોટા ટેક અને ટેલિકોમ ઈવેન્ટ 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' (ૅસ્ઝ ૨૦૨૬) ના ૧૦મા સંસ્કરણનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. આગામી ૧૦ ઓક્ટોબર સુધી



ચાલનારા આ ભવ્ય ટેક્નોલોજી શોકેસમાં દેશ-વિદેશની દિગ્ગજ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ભાગ લઈ રહ્યા છે. ઉદ્ઘાટન સમારોહની શરૂઆતમાં વડાપ્રધાન મોદીએ દેશની સેવાના ૨૫ વર્ષ પૂરા થવા પર વાત કરી હતી. આ ઉપરાંત નિધન પામેલા દિગ્ગજ અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.મોબાઈલ ગવર્નન્સ અને ડિજિટલ ઈન્ડિયાનું મહત્વવડાપ્રધાને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૦થી ૧૨ વર્ષોમાં મોબાઈલ ફોન ગવર્નન્સનું એક શક્તિશાળી માધ્યમ બનીને સામે આવ્યો છે, જે આપણા ડિજિટલ ઈન્ડિયાનો મુખ્ય આધાર છે. કોરોના મહામારી દરમિયાન પણ ઓનલાઈન શિક્ષણ અને કામકાજ સતત ચાલુ રહ્યા, જેમાં 'દીક્ષા' જેવા પ્લેટફોર્મે દૂર-દુરના ગામડાના બાળકો સુધી શિક્ષણ પહોંચાડવામાં મોટી ભૂમિકા ભજવી છે. આજે દેશમાં સસ્તા ડેટા અને વ્યાપક ટેલિકોમ વિસ્તરણને કારણે સરકારી યોજનાઓનો લાભ સીધો જ નાગરિકો સુધી પહોંચી રહ્યો છે.ગેમિંગ સેક્ટર અને સાઈબર સુરક્ષા પર વિશેષ ભારઆજના સમયમાં ભારતમાં અંદાજે ૫૦ કરોડ લોકો ગેમિંગ સેક્ટર સાથે જોડાયેલા છે અને ઈ-સ્પોર્ટ્સમાં યોગદાન આપી રહ્યા છે. આ ઉપરાંત કન્ટેન્ટ ક્રિએશન ઈન્ડસ્ટ્રી પણ હજારો કરોડ રૂપિયાની થઈ ચૂકી છે.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગતિ-ગુણવત્તા અને ગૌરવ એક્સેલરેટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર વિકસિત ગુજરાત ૨૦૪૭ની થીમ સાથે યોજાઈ રહેલી માર્ગ અને મકાન વિભાગની પ્રથમ ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો

રાજ્યના નાગરિકોને જે શ્રેષ્ઠ રોડ નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ મળી છે તેની ગુણવત્તા જાળવી રાખીને ભવિષ્યમાં વધુ ગૌરવ પૂર્ણ બનાવવાની દિશાની ગતિ માટે સામૂહિક ચિંતન મહત્વપૂર્ણ છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીશ્રી રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગની પ્રથમ દ્વિદિવસીય ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગતિ, ગુણવત્તા અને ગૌરવ એક્સેલરેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર વિકસિત ગુજરાત ૨૦૪૭ની થીમ સાથે યોજાઈ રહેલી આ શિબિરમાં વર્ક આસિસ્ટન્ટથી લઈને સચિવ કક્ષાના અધિકારીઓ સામૂહિક મંથન કરવાના છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં શરૂ કરાવેલી ચિંતન શિબિરની પરંપરા નો સંદર્ભ આપતા કહ્યું કે, સાથે આવવું એ શરૂઆત, સાથે વિચારવું એ પ્રગતિ અને સાથે કામ કરવું એ સફળતાનો વિચાર ત્યારે તેમણે આપેલો. મુખ્યમંત્રીશ્રીએ 'મેં નહિ હમ'નો ભાવ તેમજ 'સ્વયં થી વ્યમ'નો ધ્યેય રાખીને આ વિચાર સાકાર કરવામાં ચિંતન શિબીરોની ઉત્તરોત્તર સફળતાની સરાહના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ માર્ગ-મકાન વિભાગને સરકારનો અત્યંત મહત્વનો વિભાગ ગણાવતા જણાવ્યું કે, રોડ-રસ્તાના કામો, પૂલોના કામો કે જાહેર જનતાને સ્પર્શતા કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સારા કામોની હંમેશા લોકો પ્રશંસા કરે છે. એટલું જ નહીં, જો ક્યાંય કોઈ ઉણપ દેખાય તો આલોચના પણ તરત કરે છે એટલે આ વિભાગે ક્વોલિટીમાં કોઈ બાંધછોડ ન થાય અને શ્રેષ્ઠ કામ થાય તેની તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અજાણતા ભૂલ થઈ હોય તો તે સુધારી શકાય પરંતુ જાણી જોઈને થયેલી ભૂલચૂક માફ થઈ શકે નહીં. તેમણે ટેન્ડર પ્રક્રિયામાં વિશેષ ધ્યાન આપવા સાથે એસ.ઓ.પી. મુજબ કામ થાય, સમય મર્યાદામાં પૂર્ણ થાય તે બાબતો પર ફોકસ કરીને સહિયારા પ્રયાસો, એફર્ટ્સની જરૂરિયાત સમજાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ચિંતન શિબીરો વ્યક્તિગત જીવનમાં પણ આત્મમંથનથી સુધારા લાવવાનું સક્ષમ માધ્યમ છે તેમ જણાવતા કહ્યું કે સૌએ આ અંગે પણ સિરિયસલી વિચારવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ સાકાર કરવામાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી હતી. ગુજરાત આજે દેશનું રોલ મોડલ છે અને બધાની નજર ગુજરાત તરફ છે ત્યારે વિકસિત ભારત માટે વિકસિત



ગુજરાતના નિર્ધાર સાથે ગતિ, ગુણવત્તા અને ગૌરવ અપાવે તેવા સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશામાં સૌને સહિયારા પુરૂષાર્થથી આગળ વધવા મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યુ હતું.મુખ્યમંત્રીશ્રીએ શિબિરના પ્રારંભે બિલ્ડીંગ હેલ્થ મોનિટરીંગ અને બ્રિજ એસેટ મેનેજમેન્ટ સહિતની પૂસ્તિકાઓનું વિમોચન કર્યુ હતું અને ગવર્નન્સ પરફોર્મન્સ ઈન્ડેક્ષ-ૅૈના માનદંડ અનુસાર શ્રેષ્ઠ કામગીરી કરનારા ઈજનેરો-અધિકારીઓને એવોર્ડ્સથી સન્માનિત પણ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે માર્ગ મકાન વિભાગ રાજ્ય ભરમાં ગામડાંથી લઈને શહેરોમાં ૧ લાખ ૨૯ હજાર કિ.મી. રોડ નેટવર્ક, ૧૧ હજારથી વધુ પૂલો અને વિવિધ સરકારી ઈમારતોની જાળવણી-મરામત સાથે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ૧૮ હજારથી વધુ ગામો તેમજ ૧૪ હજાર પરાંઓને આવરી લેવાની અવિરત કામગીરીમાં અહનિર્શ સેવારત છે.આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, માર્ગ અને મકાન વિભાગ એ રાજ્યના વિકાસને ગતિ આપનાર, આપત્તિ કે ઈમરજન્સીના સમયે ત્વરિત પ્રતિસાદ આપતો તથા સરકારનો સૌથી જૂનો અને લોકપ્રિય વિભાગ છે. રસ્તાઓ અને પુલોના નિર્માણના ઐતિહાસિક અને પૌરાણિક મહત્વનો ઉલ્લેખ કરતાં તેમણે શ્રીમદ્ ભગવત પુરાણમાં વર્ણવિત મહારાજા પૃથુ જેમણે પ્રથમ વાર સમતલ રસ્તાઓ બનાવ્યા, રામાયણ કાળના રામસેતુ અને શેરશાહ સૂરી દ્વારા નિર્મિત ગ્રાન્ડ ટ્રંક રોડ તેમજ રોડસાઈડ એમેનિટીઝના ઉદાહરણો આપી લોકસેવા ક્ષેત્રે માર્ગ માળખાકીય સુવિધાઓના સનાતન યોગદાનને વર્ણવ્યું હતું.વિકાસની ભાવિ દિશા સ્પષ્ટ કરતાં મુખ્ય સચિવે જણાવ્યું હતું કે, માર્ગ અને મકાન વિભાગનું બજેટ ખૂબ ટૂંક જ સમયમાં જ રૂ. ૧૨,૦૦૦ કરોડથી વધીને રૂ. ૩૦,૦૦૦ કરોડ થયું છે. 'વિકસિત ગુજરાત જ ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા રાજ્યની ઈકોનોમીને ૩.૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાના લક્ષ્યાંક સામે આગામી ૨૦ વર્ષમાં અગાઉની સદીઓ કરતાં ૧૧ ગણું વધુ નિર્માણ કાર્ય કરવાનું છે. આગામી સમયમાં હેવી ટ્રાફિક સામે રસ્તાઓ ઝડપી, ટકાઉ અને ગુણવત્તાસભર બને તે અત્યંત જરૂરી છે.

તેમણે 'ફોમ ધ ગ્રાઉન્ડ અપ' અભિગમ અપનાવવા, ગ્રાઉન્ડ પ્રેઝન્સ વધારવા અને કોન્ટ્રાક્ટરો પાસેથી યોગ્ય કામગીરી લેવા તાકીદ કરી હતી. તેમણે આ શિબિરમાં ભાગ લઈ રહેલા તમામને હોદ્દાના ભેદભાવ વગર મુક્તપણે ચિંતન કરી વર્ષ ૨૦૪૭ માટે સ્પષ્ટ 'એક્શન પ્લાન' તૈયાર કરવા સૂચન કર્યું હતું.માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી પી.આર.પટેલિયાએ સ્વાગત પ્રવચનમાં ચિંતન શિબિરની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિરમાં વિભાગની રૂટિન કામગીરીથી આગળ વધીને આત્મમંથન કરવું, નવીન વિચારો-ટેકનોલોજી પર ચર્ચા કરવી તેમજ 'વિકસિત ગુજરાત જ ૨૦૪૭ ફાસ્ટ, સેફ એન્ડ સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ના લક્ષ્યને હાંસલ કરવાનો છે. તેમણે કહ્યું કે, વિભાગમાં વધુ પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવા માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો અને નવી પહલોની જાહેરાત કરવામાં આવી છે, જેમાં અધિકારીઓ માટે ૈ-ગવર્નન્સ પરફોર્મન્સ ઈન્ડેક્સ અને કોન્ટ્રાક્ટરો માટે પરફોર્મન્સ બેઝ્ડ રેટિંગ અને ઊઝમ્જી -ક્વોલિટી કંટ્રોલ બેઝ્ડ ઈવેલ્યુએશન સિસ્ટમ અમલી બનાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ટેન્ડર મંજૂરી પ્રક્રિયાની સમયમર્યાદા ઘટાડીને ઝડપી અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

ભારતના અમુક ઉદ્યોગપતિઓ સ્ટારલિન્ક રોકી રહ્યા હોવાનો મસ્કનો દાવો! ભારતે કહ્યું- અમારા નિયમો એકદમ નિષ્પક્ષ

ઈલોન મસ્કના ભારતમાં સ્ટારલિંક સેવાઓ બ્લોક કરવાના દાવાને કેન્દ્ર સરકારે સખત શબ્દોમાં નકારી કાઢ્યો છે. મસ્કે 'અમુક અબજોપતિઓ' દ્વારા સ્ટારલિંકને રોકવાનો આરોપ લગાવ્યો હતો. સરકારે આ ટિપ્પણીઓને પાયાવિહોણી ગણાવી, સ્પષ્ટતા કરી કે દેશમાં ૩ સ્ઝ્રજી કંપનીઓને ટેલિકોમ લાયસન્સ અપાયા છે અને સુરક્ષા મૂલ્યાંકન પ્રક્રિયા ચાલી રહી છે. ભારતીય નિયમનકારી માળખું સમાન અને બિન-પક્ષપાતી છે.અબજોપતિ ઉદ્યોગપતિ ઈલોન મસ્કના સોશિયલ મીડિયા પરના દાવાને કેન્દ્ર સરકારે સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે. ઈલોન મસ્કે ભારતની સેટેલાઈટ કોમ્યુનિકેશન સર્વિસિસની નિયમનકારી પ્રણાલી પર પક્ષપાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. સરકારે આ ટિપ્પણીઓને પાયાવિહોણી અને ગેરસમજથી ભરેલી ગણાવી છે.'સ્ટારલિંક' અંગે ઈલોન મસ્કના દાવા અને સરકારનો જવાબસ્પેસએક્સના સ્થાપક અને સીઈઓ ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ' પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે દેશમાં 'અમુક અબજોપતિઓ' દ્વારા ઈરાદાપૂર્વક સ્ટારલિંકને બ્લોક કરવામાં આવી રહી છે, જેથી તેઓ દેશ પર પોતાની મોનોપોલી જાળવી શકે. આ આક્ષેપોના જવાબમાં કેન્દ્રીય સંચાર મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે દેશે તમામ ટેલિકોમ સેવાઓ માટે સમાન અને બિન-પક્ષપાતી અધિકૃતતા માળખું તૈયાર કર્યું છે.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No 387

વિષયઃ"ખાલી ખુરશી અને ભરેલી યાદો"
શીર્ષકઃ"ખાલીપો"
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ ૧૮૩

મારા ૭૦ વર્ષના સ્વાનુભવનુ સ્લોગન છે કે "કોઈ ને કંઈક કહેવું હોય કે કોઈના માટે કંઈક કરવું હોય તો-
સારું, સાચું અને સમયસર! -પુનિતા બેન"
પછીની કોઈ જ વેલ્યુ નથી.?

મરણનુ સ્મરણ તનમનને પ્રફુલ્લિત કરી દે, તેવું જીવતર જીવી જવું, હું એ માર્ગે સતત કાર્યશીલ છું જ.જે વ્યક્તિની ગેરહાજરી(હયાત હોય કે ન હોય) જેને આપણે ખાલી ખુરશી કહીશું.પણ તેની સુગંધમય યાદો આપણી સાથે જોડાયેલી હોય તો આપણી માલીપા★માં તેનો ★ખાલીપો નથી સાલાતો બલ્કે મધુર યાદોનો બુકે બની જાય છે.

"નગ્મે હૈ,શિકવે હૈ, કિસ્સે હૈ...બાતે હૈ!!
બાતે ભૂલ જાતે હૈ,
યાદે યાદ આતી હૈ...
યે યાદે કીસી.. દીલોજાનમ કે ચલે જાને કે બાદ આતી હૈ...યાદે...યાદે..યાદે
યે જીવન દીલજાની,
દરિયા કા હૈ પાની...
પાની તો બહ જાયે
બાકી કયા રહે જાયે!!યાદે...યાદે..યાદે..
દુનિયા મેં યુ આના,
દુનિયા સે યુ જાના...
આઓ તો લે આના!
જાઓ તો દે જાના!
યાદે.. મીઠ્ઠી મીઠ્ઠી યાદે
પ્યારી પ્યારી યાદે!...
આપણી ગેરહાજરી કોઈની મધુર યાદો માં સમાયેલ હોય કે સચવાયેલી હોય તે જ જીવતરની સાર્થકતા!!
બિના ચિડિયા કા બસેરા હૈ !
ન તેરા હૈ ન મેરા હૈ!!
પુનિતા બેન -અમદાવાદ
★★★★★★★
NOG SS NO - 162

વિષય-"ખાલી ખુરશી અને ભરેલી
યાદો "
શીર્ષક- " હતો ખુરશીએ ખજાનો "
પ્રકાર- ગધ , શબ્દો-૧૪૦

" કરવી છે વર્ષોં પહેલાંની વાત "
હતો ડેલીએ દબદબો અને હતો ખુરશીએ ખજાનો.
હતા ઢોલિયા ઢાળેલા અને હતી ખુરશી ની લાઈનો.
હતી સવારથી સાંજ ખુલ્લી ડેલીઓ ને
હતો મહેમાન નો મલાજો.
હતી કાકા બાપા ની સાથે બેઠકને હતા ખોખારા ખંમકારા.
હતા ધોળા ધમરખ કપડાં ને હતી બંગલાની પાંખે ટોપી.
હતો પચીસ વર્ષનો ખુરશી નો નાતો
અને ગામમાં ભરેલી સુવાસની વાતો.
હતા ખોડા ભીમજી અને વલ્લભ ભીમજી ભાઈ ભાઈ જગમ જડે નૈ તેમનો જોટો.
ખુરશી પડી છે ખાલી અને મુંજાય છે ઘરના ફળિયા.
મોટા મનનાં માનવી કયારેય મરતા નથી જગમાં જીવે છે તેમના નામ.
ખોરડાં થયાં છે ખાલી હવે ડેલીએ દેવાણા તાળા ઓટલા થયા અણોહરા
ને બજારુ થઈ બિહામણી.
ગાયો ભેંસોના ખોવાણા ધણ ને ઘેટા બકરાંના ગયા વાઘ અવેડા થયા છે
ઉજ્જડ ને ગઈ પાદરની પનીહારી.
હતી માયાળુ માનવીની વાતો હતો અમારા ઘરના બે વડલાનો નાતો.
ભલે ખુરશી થઈ ખાલી જન્મ તેનું મરણ પણ જાળવી રાખ્યો છે આજે પણ ખુરશીનો ખજાનો.
હતી મારા જ ઘરની વાતો અને મારા
ઘરના બે વડલા જેવાં સસરાનાં વીહામાની વાતો..!

રેખા રસિક નાકરાણી (મુંબઈ)
★★★★★★ **NOGSS NO: 371**
વિષયઃ ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃ કોને કહું દિલની વાત
પ્રકારઃ મૌલિક રચના
શબ્દોઃ ૧૪૩

આ વાત કઈ આજની નથી બરાબર ૧૨ વર્ષને આઠ મહિના વીતી ગયા છે,
છતાં આજ પણ દિલ એ માનવા તૈયાર નથી કે જીવનમાં આવું કઈ બન્યું છે.

મારી જિંદગીના હીરો મારા સખા માર્ગદર્શક છે જે એવા મારા વ્હાલા પપ્પા,
હરઘડી હરપળ સતત મારી હર તકલીફોમાં ડગલે ને પગલે સાથ આપેલ છે.

આજ પણ ઘરના બગીચામાં એક આરામ ખુરશી કેટકેટલી યાદો સાથે ખાલી,
હવે તેમાં બેસી વાર્તા કહેનાર,પોતાના પગે ઝુલાવનાર વિના ઓશિયાળી છે.

પાસે જતા તે ખુરશીને સ્પર્શ કરતા એક અલગ જ અનુભૂતિનો થાય એહસાસ,
પપ્પાની વાતો,સાથે વિતાવેલી પળોની યાદો અને એક અનોખી પીડા જે છે.

કાશ એ દિવસો પાછા આવે ફરી એ કિલ્લોલ કરતુ આંગણું ખુરશી ને પપ્પા,
મૂકી ખોળામાં માથું થોડી રાહત મેળવી લઉં કેટલીબધી વાતો મારે કરવી છે.

મારા માટે આજ પણ એ ખાલી ખુરશી પપ્પાની કેટકેટલી યાદોથી છે ભરેલી,
કહે ચાંદની પપ્પા તમારા વગર કોને કહું દિલની વાત મન હવે મારું મુંજાય છે.

ડો ભાવના એન જોષી "ચાંદની" વડોદરા
★★★★★★★
NOG ss No. 213.
વિષય :- ખાલી ખુરશી ને ભરેલી યાદો.
શીર્ષક :- સત્તાની ખુરશી.
પ્રકાર :- ગઝલ.

સપથ લઈ ને બેઠાતા, આ ખુરશી પર નેતા,
હજુ યાદ છે, પ્રજાએ વિશ્વાસ કરેલો મુજ પર,
સમજાયું આજ કે, મત શક્તિની તાકાત કેટલી !
પ્રજાએ જ હરાવ્યો મને, હજુ યાદ કરું છું તે ખુરશી.

ન અપનાવ્યા સિદ્ધાંતો, ન કર્યા પ્રજા લક્ષી કામ,
ભ્રષ્ટાચારમા ડૂબી ગયો, સૌથી મોટો ચોર બન્યો,
મત લેવા ઘણા ખેલ કર્યા, ગરીબોને પરેશાન કર્યા,
પ્રજાએ જ હરાવ્યો મને, હજુ યાદ કરું છું તે ખુરશી.

જાત પાતમા ભાગ કર્યા, ને આપસમાં લડતા કર્યા,
એકને ખોળ ને એકને ગોળ, એવા મેં ધાર્યા કર્યા,
લોકોને ભરમાવવા શારુ, એવા તો મેં ભાષણ કર્યા,
પ્રજાએ જ હરાવ્યો મને, હજુ યાદ કરું છું તે ખુરશી.

દેશ વિદેશમાં ફરતો'તો, પ્રજાના પૈસા બરબાદ કર્યા,
એક સમુંદર આખો પીધો, તોયે મને ના સંતોષ થયો,
કર્મના પોટલા બાંધી ફરે, નેતા એવો ગુનેગાર થયો,
પ્રજાએ જ હરાવ્યો મને, હજુ યાદ કરું છું તે ખુરશી.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)
★★★★★★★
NOG SS NO.415
વિષયઃ ખાલી ખુરશી અને ભરેલી યાદો.
શીર્ષકઃખાલી ખુરશી.
(સત્તાની,વહાલની,વડીલની,
પ્રેમની,મમતાની) અને ભરેલી યાદો.
પ્રકારઃગદ્ય.
શબ્દોઃ૩૦૫.

ખાલી ખુરશી માત્ર એક ખુરશી નથી હોતી; ક્યારેક એ એક આખું જીવન પોતાની અંદર સમાવીને બેઠી હોય છે. કોઈ ઓરડામાં પડેલી ખાલી ખુરશી નજરે પડે ત્યારે તેની ખાલી જગ્યા કરતાં તેમાં બેસનાર વ્યક્તિની યાદ વધારે દેખાય છે. ખુરશી ખાલી હોય છે, પરંતુ તેની આસપાસની યાદો હંમેશાં ભરેલી હોય છે.
સત્તાની ખુરશી હોય ત્યારે તેની સાથે જવાબદારી, નિર્ણય અને અનેક લોકોની આશાઓ જોડાયેલી હોય છે. સત્તા છીનવાઈ જાય કે વ્યક્તિ વિદાય લે, ત્યારે ખુરશી એ જ રહે છે, પરંતુ તેની આસપાસનો માહોલ બદલાઈ જાય છે. ક્યારેક ખાલી પડેલી એ ખુરશી આપણને યાદ અપાવે છે કે સત્તા કાયમી નથી; પદ આવે છે અને જાય છે, પરંતુ કરેલા કર્મો અને લોકોના હૃદયમાં ઊભી કરેલી છાપ રહી જાય છે.
વડીલની ખુરશી તો ઘરની જીવંત પરંપરા હોય છે. જ્યાં દાદા-દાદી કે માતા-પિતા બેસતા હોય, ત્યાંથી મળતી સલાહ, સંસ્કાર અને આશીર્વાદ ઘરની દિવાલોમાં જાણે સચવાઈ જાય છે. આજે એ ખુરશી ખાલી હોય, છતાં તેની બાજુમાંથી પસાર થતાં મન આપોઆપ થંભી જાય છે.હમણાં જ જાણે કોઈ અવાજ આવશે અને કહેશે,"બેસ, થોડી વાત કરીએ."
વહાલની ખુરશી પર બેસનાર વ્યક્તિ કદાચ હવે દૂર હોય, પરંતુ તેની હૂંફ હજુ ત્યાં જ હોય છે. પ્રેમની ખુરશી ખાલી થાય ત્યારે આંખો સામે કેટલાય સંવાદો, સ્મિત અને સાથે વિતાવેલી ક્ષણો તરવરી ઊઠે છે.મમતાની ખુરશી તો સૌથી વિશેષ માંની ગોદની જેમ.માં ત્યાં ન હોય, છતાં એ ખુરશી પર પડેલું તેનું ઓઢણ કે તેની સુગંધ હૃદયને ભીનું કરી જાય છે.
જીવનમાં કેટલીક ખુરશીઓ ફરી ક્યારેય ભરાતી નથી. નવા માણસો આવે, નવી જગ્યાઓ બને, છતાં જૂની ખુરશીનું સ્થાન કોઈ લઈ શકતું નથી.કારણ કે ખુરશી લાકડાની કે ધાતુની હોય છે,પરંતુ તેમાં વસેલી વ્યક્તિ યાદોની બનેલી હોય છે.
એટલે જ ક્યારેક ખાલી ખુરશી સામે બેસીને મન ભરાઈ આવે છે.ખુરશી ખાલી હોય છે, પણ તેની આસપાસ પ્રેમ, મમતા, સ્નેહ, સંસ્કાર અને સંબંધોની અસંખ્ય યાદો બેઠી હોય છે.
અસ્તુ.
"સ્નેહિલ"સ્નેહલ વ્યાસઠાકર.
★★★★★★★
NOG SS NO : 408
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો.
શીર્ષક : માતા - પિતાની યાદ
પ્રકાર : પદ્ય શબ્દો : ૯૪

ઘરમાં એક ખુરશી ખાલી રહી ગઈ છે.
એમાં માતા - પિતાની યાદો ભરેલી રહી ગઈ છે.
આભાર - નિહારીકા રવિયા

સવારે ચાનો પહેલો ઘૂંટ ભરતા જ,
એમની મીઠી ટકોર મને યાદ રહી ગઈ છે.

પિતાજીની પાઘડી ટીંગાય છે ખીલે, ને-
માતાના પાલવની સુગંધ ઘરમાં રહી ગઈ છે.

લોકો કહે છે ઘર તો એમનું એમ જ છે,
મારા માટે તો દુનિયા ખાલી થઈ ગઈ છે.

હવે કોણ કહેશે "બેટા મોડું થાય છે",
એ હેતભરી બૂમ ક્યાંક ખોવાઈ ગઈ છે.

"નવીન" આજે પણ બારણે નજર રાખે છે, કે-
કદાચ પાછા આવશે, એ આશ રહી ગઈ છે.

અરજણભાઈ એસ. પરમાર "નવીન" કોડવાવ (જૂનાગઢ)
સ્ત્રા★સ્ત્રા★★★★
NOGSS NO. 416
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શિર્ષક : ખોઈ એ ગરિમા
પ્રકાર : મૌલીક રચના
શબ્દો : ૬૭

ઘરમાં ખાલી ખુરશી જોઈ મારી ખુરશી યાદ આવી,
જ્યાં બેસી આદેશ આપ્યા, એ ખુરશી યાદ આવી.!
આજે ઘરની બેલ વાગે તો કંઈક ખૂટે છે એવું લાગે,
એ બેલમાં મારાં આદેશનો પડઘો ન સંભળાય મને.
હવે, હવામાં ઓગળી ગઈ મારી ખુરશીની ગરિમા,
રણકાર વગરની બેલ ને મારી ખુરશી યાદ આવી!
એ સત્તાનો નશો હાવી થઈ મને આજે અકળાવે છે,
હવે રહી નહીં તો એ કરિશ્માઈ ખુરશી યાદ આવી!
મહેન્દ્ર પટેલ "ક્ષિતિજ"નાસિક.

નાના-જે ક્યારેય 'નાના' ન રહ્યા, હંમેશા 'મોટા' રહ્યા

"નાના ગયા". આ માત્ર એક અભિનેતાનું મૃત્યુ નથી,એક યુગનો અંત છે.

યશપાલસિંહ ટી વાઘેલા થરા

ભારતીય સિનેમામાં હીરો ઘણા આવ્યા.સિક્સ પેક વાળા આવ્યા, ડાન્સ વાળા આવ્યા, રોમેન્સ વાળા આવ્યા.પણ આંખો થી ડાયલોગ બોલનારો માત્ર એક જ આવ્યો - નાના પાટેકર. તેમનું નામ ભલે 'નાના' હતું, પણ તેમની હાજરી હંમેશા સૌથી 'મોટી' રહી.

ગઈકાલે સવારે,૮ ઓક્ટોબર૨૦૨૬ ના રોજ જ્યારે સમાચાર આવ્યા કે હૃદયરોગના હુમલાથી ૭૫ વર્ષની ઉંમરે નાના પાટેકરે અંતિમ શ્વાસ લીધા છે, ત્યારે હે નાના પાટેકર.. દરેક ભારતીય હૃદયમાંથી આ ઉદ્ગાર આંખમાં આંસુ સાથે સારી પડ્યોને આખા દેશમાં એક સન્નાટો છવાઈ ગયો. મુંબઈથી લઈને મુરુડના તેમના ગામ સુધી, ફિલ્મ સ્ટુડિયોથી લઈને મહારાષ્ટ્રના ખેતરો સુધી એક જ વાત - "નાના ગયા". આ માત્ર એક અભિનેતાનું મૃત્યુ નથી,એક યુગનો અંત છે.

★મુરુડની માટીમાંથી જન્મેલો કલાકાર પહેલી જાન્યુઆરી ૧૯૫૧ ના રોજ રાયગઢ જિલ્લાના દરિયા કિનારે વસેલા મુરુડ-જંજીરામાં એક મધ્યમવર્ગીય મરાઠી પરિવાર માં વિશ્વનાથનો જન્મ થયો. પિતા દિનકર પાટેકર કાપડના વેપારી, માતા સંજનાબેન ગૃહિણી. પાંચ ભાઈ-બહેનોમાં નાના સૌથી નાના, એટલે ઘરમાં બધા 'નાના' કહેતા. એ નામ જ પછી તેમની ઓળખ બની ગયું.

બાળપણ ગરીબીમાં વીત્યું. ક્યારેક તો ઘરમાં ખાવાના પણ ફાંફા હતા. નાનાએ પોતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું - "મેં ગરીબીને બહુ નજીકથી જોઈ છે, એટલે જ મને પૈસાનો મોહ નથી." આ ગરીબીએ તેમને કઠોર બનાવ્યા નહીં, સંવેદનશીલ બનાવ્યા.

તેમણે મુંબઈની પ્રખ્યાત સર જેજે સ્કૂલ ઓફ આર્ટ્સમાં એડમિશન લીધું. તેઓ મૂળે ચિત્રકાર બનવા માંગતા હતા. આજે પણ તેમના ઘણા સ્કેચ પ્રખ્યાત છે. ચિત્રકળાએ તેમને ચહેરા વાંચતા શીખવ્યું. તેઓ કહેતા - "હું સ્ક્રિપ્ટ નથી વાંચતો, હું માણસને વાંચું છું." જેજેમાં ભણતી વખતે ખર્ચ કાઢવા માટે તેમણે પોસ્ટર પેઇન્ટિંગ, ફિલ્મના સેટ પર મજૂરી, બધું જ કર્યું.ત્યાંથી તેમનો રસ્તો થિયેટર તરફ વળ્યો. વિજય તેંડુલકર, સત્યદેવ દુબે જેવા દિગ્ગજો સાથે કામ કર્યું. મરાઠી રંગભૂમિએ તેમને ઘડ્યા. થિયેટરે તેમને અવાજનો ઉપયોગ, શાંતિનો ઉપયોગ શીખવ્યો.

★સંઘર્ષનો દાયકો - ૧૯૭૮થી ૧૯૮૮=૧૯૭૮માં મુઝફ્ફર અલીની ફિલ્મ 'ગમન'થી તેમણે નાનકડા રોલથી બોલિવૂડમાં એન્ટ્રી કરી. પછી ઘણા વર્ષો સુધી નાના-નાના રોલ, મરાઠી ફિલ્મો, અને અસંખ્ય રિજેક્શન. તે સમયે બોલિવૂડમાં ચોકલેટ હીરોનો જમાનો હતો, નાના જેવા કર્કશ અવાજ અને તીખા નાક-નકશા વાળા કલાકાર માટે જગ્યા નહોતી. પણ તેમણે હાર ન માની. ૧૯૮૭માં 'મોહરે' ફિલ્મમાં તેમની નોંધ લેવાઈ. અને ૧૯૮૮માં મીરા નાયરની 'સલામ બોમ્બે' આવી. આ ફિલ્મ ઓસ્કારમાં નોમિનેટ થઈ, અને દુનિયાએ પૂછ્યું - "આ બાબા કોણ છે?" આ બાબા એ જ હતા - નાના.

★૧૯૮૯ - પરિંદા: જ્યારે ખલનાયકે હીરોને ખાઈ લીધો.વિધુ વિનોદ ચોપરાની 'પરિંદા' ભારતીય સિનેમા ના ઈતિહાસની સૌથી મહત્વની ફિલ્મોમાંની એક છે. અનિલ કપૂર અને જેકી શ્રોફ જેવા સ્ટાર હોવા છતાં, લોકો થિયેટરમાંથી બહાર નીકળ્યા તો માત્ર એક નામ લઈને - અન્ના શેઠ. "અન્ના" એટલે નિર્દયતા, એટલે સત્તા, એટલે ડર. નાના પાટેકરે ખલનાયકને માત્ર વિલન ન રહેવા દીધો, તેને એક ફિલોસોફી બનાવી દીધી. તેમની આંખોમાં એક સાથે ક્રૂરતા અને એકલતા બંને દેખાતી. આ રોલ માટે તેમને પહેલો રાષ્ટ્રીય પુરસ્કાર - શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને ફિલ્મફેર પણ મળ્યો. ત્યારથી બોલિવૂડમાં એક નવો શબ્દ આવ્યો - "નાના ટાઇપ રોલ".

★પ્રહારથી ક્રાંતિવીર સુધી - નાનાનો સુવર્ણયુગ

૧૯૯૧માં તેમણે પોતાના દિલની સૌથી નજીકની ફિલ્મ બનાવી - 'પ્રહાર: ધ ફાઇનલ એટેક'. તેઓ પોતે દિગ્દર્શક, લેખક અને મુખ્ય અભિનેતા. આર્મીની પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મમાં તેમણે મેજર ચૌહાણનો રોલ કર્યો. આ ફિલ્મ માટે તેમણે મહિનાઓ સુધી આર્મી ના જવાનો સાથે ટ્રેનિંગ લીધી. ફિલ્મ બોક્સ ઓફિસ પર બહુ ન ચાલી, પણ આર્મીમાં આજે પણ આ ફિલ્મ બતાવાય છે.

પછી તો ૯૦નો દાયકો જાણે તેમના માટે જ લખાયો હતો.

૧૯૯૨માં 'રાજુ બન ગયા જેન્ટલ મેન'માં શાહરૂખ ખાનના મિત્ર તરીકે અને 'અંગાર'માં મજીદ ખાન તરીકે. 'અંગાર' માટે તેમને શ્રેષ્ઠ ખલનાયક નો ફિલ્મફેર મળ્યો.

૧૯૯૩માં 'તિરંગા' - બ્રિગેડિયર સૂર્યદેવ સિંહ. આજે પણ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ તેમનો ડાયલોગ વાગે છે.

અને ૧૯૯૪માં 'ક્રાંતિવીર'. આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક દસ્તાવેજ છે. પત્રકાર પ્રતાપનો પાંચ મિનિટનો કોર્ટ સીન. "આઝાદી હમેં રાસ નહીં આતી..." એ એક ભાષણ નહોતું, આખા દેશના યુવાનનો આક્રોશ હતો. આ ફિલ્મ માટે તેમને શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ફિલ્મફેર બંને મળ્યા. કહેવાય છે કે આ સીન તેમણે એક જ ટેકમાં ઓકે કર્યો હતો, અને સેટ પર બધાની આંખોમાં આંસુ હતા.

૧૯૯૬માં બે અલગ અલગ ચહેરા. 'અગ્નિ સાક્ષી'માં પત્નીને ટોર્ચર કરતો પતિ વિશ્વનાથ - જેના માટે તેમને બીજો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો, અને સંજય લીલા ભણસાલીની 'ખામોશી: ધ મ્યુઝિકલ'માં બહેરી-મૂંગી દીકરીના પિતા જોસેફ. અહીં તેમણે એક શબ્દ બોલ્યા વગર માત્ર આંખોથી રડાવ્યા.

★બીજી ઈનિંગ્સ - જ્યારે ગેંગસ્ટર હસાવે છે ૨૦૦૦ પછી ઘણા અભિનેતાઓ ભુલાઈ જાય છે, પણ નાના વધુ નિખર્યા.

'શક્તિ: ધ પાવર' (૨૦૦૨), 'અબ તક છપ્પન' (૨૦૦૪)માં એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ સાધુ આગાશે તરીકે તેમણે મુંબઈ પોલીસની આખી પેઢીને પડદા પર જીવંત કરી. 'અપહરણ' (૨૦૦૫)માં બિહારના નેતા તબરેઝ આલમ તરીકે તેમને ફરી શ્રેષ્ઠ ખલનાયકનો ફિલ્મફેર મળ્યો.અને ૨૦૦૭માં ધમાકો થયો - 'વેલકમ'.ઉદય શેટ્ટી.સફેદ કુર્તા- પાયજામા, હાથમાં ચા, અને "ઉદય ભાઈ"ની સ્ટાઈલ. નાના પાટેકર કોમેડી પણ કરી શકે છે,એ વાતે બધાને ચોંકાવી દીધા. "કંટ્રોલ ઉદય, કંટ્રોલ" અને "મજાક હટકે" આજે પણ દરેક ગુજરાતીના ફોનમાં સ્ટીકર તરીકે છે.આ ફિલ્મ અને તેની સિક્વલ 'વેલકમ બેક'૨૦૧૫) એ તેમને નવી પેઢીના સુપરસ્ટાર બનાવી દીધા.

'રાજનીતિ' (૨૦૧૦)માં બ્રિજ ગોપાલ -એક એવો ચાણક્ય જે રાજકારણને રમાડે છે.

★નટસમ્રાટ - અભિનયની અંતિમ યુનિવર્સિટી ૨૦૧૬માં આવેલી મરાઠી ફિલ્મ 'નટસમ્રાટ' એ તેમની કારકિર્દીનું શિખર હતું,અને કદાચ ભારતીય સિનેમાના છેલ્લા ૨૦ વર્ષ ની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક.વી.વી. શિરવાડકરના નાટક પર આધારિત આ ફિલ્મમાં ગણપત બેલવલકર - એક મહાન રંગકર્મી જે પોતાની બધી સંપત્તિ બાળકોને આપી દે છે અને પછી પોતાના જ ઘરમાં બેઘર થઈ જાય છે.

થિયેટરમાં લોકો ખુલ્લેઆમ રડ્યા હતા.અમિતાભ બચ્ચને ટ્વીટ કર્યું હતું - "નાના,મેં તમને જોઈને અભિ નય શીખ્યો."આ ફિલ્મ માટે તેમને ફિલ્મફેર મરાઠી શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો. તેમનો ડાયલોગ- "કુણી ઘર દેતા કા ઘર..."આજે દરેક વૃદ્ધાશ્રમની દીવાલ પર લખાયેલો છે.

★પડદા પાછળનો અસલી મોટો માણસ અભિનય તો તેમનો વ્યવસાય હતો,માણસાઈ તેમનો ધર્મ હતો.

તેઓ મુંબઈના અંધેરીમાં એક નાનકડા ફ્લેટમાં રહેતા. કરોડોની ફી લેવા છતાં તેમની પાસે પોતાની કાર નહોતી, તેઓ ઓટોમાં ફરતા. ડિઝાઇનર કપડાં નહીં,સાદો કુર્તા- પાયજામો.

૨૦૧૫માં જ્યારે મહારાષ્ટ્રમાં દુષ્કાળ પડ્યો અને ખેડૂતો આત્મહત્યા કરવા લાગ્યા, ત્યારે બોલિવૂડના બધા સ્ટાર ચૂપ હતા. ત્યારે નાના અને મકરંદ અનાસપુરે ગામે-ગામ ફર્યા અને 'નામ ફાઉન્ડેશન' બનાવ્યું. અત્યાર સુધીમાં આ ફાઉન્ડેશને ૩૦૦થી વધુ ગામોમાં પાણી પહોંચાડ્યું છે,

આભાર - નિહારીકા રવિયા હજારો ખેડૂત વિધવાઓને આર્થિક મદદ કરી છે,અને નદીઓ ઊંડી કરાવી છે.તેઓ કહેતા-"મારે કરોડ પતિ નથી બનવું,મારે માણસ બનવું છે."

તેઓ ભારતીય સેનાના જવાનો સાથે દિવાળી મનાવવા જતા, કાશ્મીરમાં બરફમાં જવાનો સાથે સૂતા. તેઓ માનતા કે દેશ સીમા પર અને ખેતરમાં બે જગ્યાએ બને છે - જવાન અને કિસાનથી.

આજે નાના ગયા છે. પણ તેમણે એક સવાલ મૂક્યો છે-શું આપણે હીરોની વ્યાખ્યા બદલી શકીએ? શું હીરો એટલે સિક્સ પેક, કે હીરો એટલે સચ્ચાઈ?

ત્રણ રાષ્ટ્રીય પુરસ્કારો,ચાર ફિલ્મ ફેર,બે રાજ્ય પુરસ્કારો અને પદ્મશ્રી (૨૦૧૩)-આ બધા નાના છે. તેમનું સાચું ઈનામએ કરોડો લોકોના દિલમાં છે,જેમણે તેમની ફિલ્મ જોઈને સત્ય બોલવાની હિંમત કરી.

નામ ભલે નાના હતું, પણ કદ હંમેશા મોટું હતું. દિલથી મોટું, વિચારથી મોટું, અને માણસાઈથી સૌથી મોટું.

અલવિદા,નાના સાહેબ.પડદો પડે છે પણ તમારો પ્રકાશ કાયમ રહેશે.તમે શીખવ્યું કે અંધારામાં પણ આંખો કેવી રીતે ચમકાવવી.આપના દિવંગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિરઃશાંતિ આપે તેવી પ્રાર્થના.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

મહાનગરપાલિકા ચૂંટણી ભાજપનો સંકલ્પ પત્રઃગાંધીનગર દર્શન માટે થીમ બેઝ્ડ ડબલ ડેકર એસી બસ દોડશે, મહિલાઓ માટે જીમની સુવિધા ઉભી કરાશે



ગાંધીનગર માત્ર ગુજરાતની રાજધાની જ નહીં, પરંતુ ભવિષ્યનું આધુનિક અને સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધી રહ્યું છે. આગામી ૫ વર્ષમાં ગાંધીનગરને વધુ સુંદર, સુવિધાભરપૂર, સ્માર્ટ, સ્વચ્છ અને આત્મનિર્ભર શહેર બનાવવાના હેતુથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા મહાનગરપાલિકા ચૂંટણી અન્વયે એક મહત્વકાંક્ષી રોડમેપ અને સંકલ્પ પત્ર રજૂ કરવામાં આવ્યો છે.

શહેરના વિકાસને નવી ગતિ આપવા માટે રસ્તાઓનું આધુનિકરણ કરવામાં આવશે. 'ચ-રોડ'ને નવા આઈકોનિક રોડ તરીકે, જ્યારે રોડ નંબર-૨ અને ૩ને સ્માર્ટ રોડ તરીકે વિકસાવવામાં આવશે. ઘ-૭થી પેથાપુર સુધીના માર્ગોનું સ્માર્ટ રોડમાં રૂપાંતર કરાશે અને તબક્કાવાર સીસી (ઝઝ) રોડ બનાવવામાં આવશે. ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખ-૨થી વાવોલ અને ક-૭થી રાંધેજા તરફ નવા ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય આગળ ધપાવવામાં આવશે.

દરેક સેક્ટરની પોતાની આગવી ઓળખ ઉભી કરવા માટે વિશિષ્ટ થીમ આધારિત અર્બન ડિઝાઇન વિકસાવવામાં આવશે. દરેક સેક્ટરના આકર્ષક પ્રવેશદ્વાર, થીમને અનુરૂપ સ્ટ્રીટ ફર્નિચર અને આધુનિક ફૂટપાથ બનાવવામાં આવશે. સેક્ટર-૧ અને ૧૯માં આધુનિક અને ઉર્જા કાર્યક્ષમ સ્ટ્રીટ લાઇટ્સ નાખવામાં આવશે.

ડિજિટલ એજ્યુકેશન અને 'નોલેજ ઇકોનોમી'નું કેન્દ્ર ગાંધીનગરને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં), રોબોટિક્સ અને ડિજિટલ એજ્યુકેશનનું હબ બનાવવાનો સંકલ્પ લેવાયો છે. મનપા સંચાલિત શાળાઓમાં છૈં લેબ, સ્માર્ટ ક્લાસરૂમ અને રોબોટિક્સ આધારિત શિક્ષણ શરૂ કરાશે. શહેરમાં આધુનિક લાયબ્રેરીઓ અને ગામડાઓમાં વાંચનાલયો વિકસાવવામાં આવશે.



સૈન્ય ભરતી કચેરી, અમદાવાદ દ્વારા અગ્નિવીર (સામાન્ય ફરજો), અગ્નિવીર ટ્રેડ્સમેન (૧૦મું પાસ), અગ્નિવીર ટ્રેડ્સમેન (૮મું પાસ) અને અગ્ન વીર ટેકનિકલ હોદ્દાઓમાટે ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૭ થી ૦૨ માર્ચ ૨૦૨૭ દરમિયાન શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા ખાતે ૨૧ જિલ્લા (અમદાવાદ, અરવલ્લી, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દોહાદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, મહેસાણા, નવસારી, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, સુરત, ડાંગ, તાપી, વડોદરા, વલસાડ અને વાવથરાદ) તથા ૦૨ કેન્દ્રશાસિત પ્રદેશો (દમણ, દાદરા અને નગરહવેલી)ના ઉમેદવારો માટેભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

મોડાસા સિનિયર સિટીઝન ગ્રુપ મોડાસા (અરવલ્લી) દ્વારા આયોજિત સૌરાષ્ટ્ર શ્રવણ તીર્થ પ્રવાસ સંપન્ન

મોડાસા ખાતે આવેલ શ્રીસોમનાથ સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા ત્રિ-દિવસીય શ્રવણ તીર્થ પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ થી વધુ સિનિયર સિટીઝન મિત્રોએ ભાગ લીધો હતો.

આ પ્રવાસ દરમિયાન ચોટીલા ચામુંડા માતાજી, હિંગળાજ માતા ધામ (કાલાસર), સુરાપુરધામ, સોમનાથ મહાદેવ, બાઈધામ તળાલા, પ્રાચી માધવરાય મંદિર, પરબધામ, સતાધાર, ગોંડલ સ્વામિનારાયણ મંદિર, બગદાણા બાપા સીતારામ, સાળંગપુર કષ્ટભંજન હનુમાન, અરણેજ બુટ ભવાની માતાજી અને કોઠ ગણપતિ મંદિર જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ સૌ ધન્ય બન્યા હતા.

તલગાજરડા ખાતે મોરારીબાપુના રૂબરૂ દર્શનનો અનન્ય લાભ મળ્યો હતો અને પ્રસાદ રૂપે સૌને ખેસ આપવામાં આવ્યા હતા. સો કાશી અનેક




પ્રાચી તરીકે પ્રખ્યાત પ્રાચી ધામમાં દશમની પુણ્યતિથિએ સૌ મિત્રોને પિતૃ તર્પણનો લાભ મળ્યો હતો.

પ્રવાસ દરમિયાન સૌ મિત્રોએ માતાજીના ધામમાં ગરબા ગાઈ ખૂબ મોજ-મસ્તી કરી હતી. સરકારશ્રીની શ્રવણ તીર્થ યાત્રા યોજના સિનિયર સિટીઝન માટે ખૂબ જ આશીર્વાદ રૂપ છે, જેનો દરેક સિનિયરે લાભ લેવો જોઈએ. આ પ્રવાસના કન્વીનર શ્રી કે.બી.ચાવડા સાહેબ જ્યારે શાળામાં આચાર્ય હતા ત્યારે તેમની પાસે અભ્યાસ કરનાર વિદ્યાર્થી એવા શ્રી યોગેશકુમાર અમૃતલાલ દેસાઈ, જેઓ હાલ બોટાદ અને ભાવનગરના ચાર્જમાં ફર્સ્ટ તરીકે ફરજ બજાવે છે, તેમને જાણ થતાં પરિવાર સાથે સાળંગપુર હનુમાનજી ખાતે આવી સમગ્ર ટીમનું સન્માન કરી હનુમાન દાદાની મૂર્તિ ભેટ આપી હતી. ઉચ્ચ પદ પર હોવા છતાં જમીન સાથે જોડાયેલા રહી ગુરુ-શિષ્ય સંબંધ જાળવી રાખવા બદલ શ્રી યોગેશભાઈને સૌએ બિરદાવ્યા હતા.

આ પ્રવાસની શુભ શરૂઆત વડીલ શ્રી નટવરલાલ શાહના હસ્તે શ્રીફળ વધેરીને કરવામાં આવી હતી. ગોકુલ ટ્રાવેલના માલિક શ્રી સચિનભાઈ જયસ્વાલ દ્વારા સૌને ગ્રુપના નામવાળી ટોપીઓ આપવામાં આવી હતી, જેનું વિતરણ નગરપાલિકાના કોર્પોરેટર શ્રી રમણલાલ પ્રજાપતિના હસ્તે કરવામાં આવ્યું હતું. સચિનભાઈએ ઘર જેવું ભોજન અને ઉત્તમ વ્યવસ્થા કરી આપી હતી.

પ્રવાસના અંતે સૌ મિત્રો દ્વારા પ્રમુખશ્રી આઈ.બી.પ્રજાપતિને દુબઈ પ્રવાસની શુભેચ્છા પાઠવી શ્રીફળ અર્પણ કરાયું હતું.આ પ્રવાસનું આયોજન પ્રમુખશ્રી આઈ.બી.પ્રજાપતિ, મંત્રીશ્રી આર.જી.વણકર, ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ આર.પટેલ, પ્રવાસ કન્વીનર શ્રી કે.બી.ચાવડા, સહમંત્રી શ્રી કનુભાઈ ખાંટ, શ્રી વસંતભાઈ શાહ, શ્રી યશવંતભાઈ વ્યાસ, શ્રી ફતેસિંહ ચૌહાણ અને શ્રી મથુરસિંહ રાઠોડ સહિત સૌ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે કન્વીનરશ્રીએ સૌનો આભાર માન્યો હતો....



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સરગાસણ ચોકડી પાસે આવેલ અટ્રિયા કોમ્પ્લેક્ષનું ઘણા લાંબા સમય થી બંધ બેઝમેન્ટ પાર્કિંગ હેતુ માટે ખોલવામાં આવેલ છે તેમજ બેઝમેન્ટ અને પાર્કિંગમાં જવાના રસ્તા પર અવરોધરૂપ બનતા બોલાર્ડ તથા લારી-ગલ્લા દુર કરવામાં આવેલ છે. તેમજ તે માટે સંબંધિત ઈસમો પાસેથી દંડ પણ વસૂલવામાં આવનાર છે. મહાનગરપાલિકાની સદર કાર્યવાહીથી બિલ્ડિંગમાં આવતા ગ્રાહકો/વિદ્યાર્થીઓ/અન્યો પ્રિમાઈસીસમાં મંજુર પાર્કિંગની જગ્યાએ પાર્કિંગ કરી શકશે. જેથી સરગાસણ ચોકડી પાસે આવેલ સર્વિસ રોડ પર થતો ટ્રાફિક હળવો થશે.

ધાનેરા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો...



ધાનેરા માં આવેલ સધીમાતાજી ના મંદિર પાસે ધાનેરા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ માં ઉપસ્થિત ભાજપ અગ્રણી ભગવાનદાસ પટેલ તથા નગરપાલિકા ના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ તથા ભાજપ શહેર સંગઠન રોહિતભાઈ ઠક્કર જે બી રાજપુત નગરપાલિકા કોર્પોરેટર ઈન્દુબેન જોશી તેમજ ધાનેરા આરોગ્ય અધિકારી સોમાણી સાહેબ તથા આગેવાનો સંગઠન ના મહામંત્રી ઓ નગરપાલિકા ના કોર્પોરેટર શ્રી ઓ વિવિધ શાખાના ચેરમેનશ્રીઓ તથા મોટી સંખ્યા માં લાભાર્થી ઓ ની ઉપસ્થિતિ માં સેવા સેતુ કાર્યક્રમ યોજાયોઆ કાર્યક્રમમાં બોહળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને સરકારની વિવિધ યોજના નો લાભ કેવી રીતે લેવો તેની સમજણ પાડવામાં આવી હતી આ કાર્યક્રમ માટે ધાનેરા નગરપાલિકાના કર્મચારીઓ અને ચૂંટાયેલા સભ્યો દ્વારા ખૂબ જ મહેનત કરી હતી નગરપાલિકાના પ્રમુખ દ્વારા ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું વિવિધ શાખા ના વિવિધ યોજના ઓ નો લાભાર્થી લાભ લઈ શકે તે માટે સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કર્યું છે ત્યારે આજે ધાનેરા નગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યા માં લાભાર્થી ઓ પણ તેનો લાભ લઈ રયા છે.

વન્યપ્રાણી સપ્તાહ–૨૦૨૬ઃ દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા આહવા ખાતે "સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ" યોજાઈ

ડાંગઃ આહવાઃ તાઃ ૮ઃ વન્યપ્રાણી સપ્તાહ–૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગ હેઠળની આહવા (પૂર્વ) રેન્જ ખાતે ×સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ× કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ડાંગ જિલ્લામાં માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારવા અને નિઃસ્વાર્થ ભાવે સર્પ બચાવવાની કામગીરી કરતા સ્નેક રેસ્ક્યુઅર્સ (સર્પમિત્રો)ને એક મંચ પર લાવી તેમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાનો હતો.

આ પ્રસંગે દક્ષિણ ડાંગ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી જૈનીલ દેસાઈ, મદદનીશ વન સંરક્ષક શ્રી અંકન બોહરા, આહવા (પૂર્વ) આર.એફ.ઓ. શ્રી આરીફ ઠેબા, તથા આહવા એલ.સી.બી. પી.એસ.આઈ. શ્રી જયદીપ અનડકટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સર્પ બચાવની



ઉત્કૃષ્ટ સેવાઓ આપતા સ્થાનિક રેસ્ક્યુઅર્સને સુરક્ષિત કામગીરી માટે સાપ પકડવાની આધુનિક કીટ અર્પણ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લો અદભુત અને વિશિષ્ટ પ્રાકૃતિક ધરોહર ધરાવતો વનવિસ્તાર છે. અહીં જોવા મળતી સરીસૃપ ની ઘણી પ્રજાતિઓ અત્યંત દુર્લભ છે, જે ગુજરાતના અન્ય વિસ્તારોમાં જોવા મળતી નથી. આ અણમોલ જૈવવિવિધતાને જાળવી રાખવા માટે વન વિભાગ અને સર્પમિત્રોના સહિયારા પ્રયાસોથી ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક લોકજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત, જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં સેવા આપતા અન્ય સર્પમિત્રોનો સંપર્ક સાધી, આગામી સમયમાં સૌને સાંકળીને રેસ્ક્યુ કામગીરીને વધુ સક્ષમ, સલામત અને વૈજ્ઞાનિક ઢબે આગળ ધપાવવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

સાસુ-વહુના પારિવારિક વિવાદમાં ૧૮૧ અભયમની સમજાવટથી સુખદ સમાધાન

ડાંગ જિલ્લાના એક ગામમાંથી એક મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કરી મદદની માંગણી કરી હતી. મહિલાએ જણાવ્યું હતું કે પારિવારિક મતભેદના કારણે સાસરી પક્ષ તેમને ઘરમાં રાખવા માંગતું નથી અને તેમને ઘરેથી બહાર જવા જણાવવામાં આવ્યું છે. મહિલાની મદદ માટે ૧૮૧ અભયમ ટીમે તાત્કાલિક પ્રતિસાદ આપી ઘટના સ્થળે પહોંચી હતી.મહિલા સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે ચાંદલા વિધિ બાદ તેઓ છેલ્લા આશરે એક વર્ષ અને ત્રણ મહિનાથી સાસરીમાં રહેતા હતા. આ સમયગાળા દરમિયાન ઘરગથ્થુ કામકાજ બાબતે સાસુ-સસરા દ્વારા વારંવાર રોકટોક કરવામાં આવતી હોવાનું તેમજ તેમની તબિયતને લઈને ટિપ્પણીઓ કરવામાં આવતી હોવાનું મહિલાએ જણાવ્યું હતું. જેના કારણે મહિલા માનસિક રીતે વ્યથિત હોવાનું જણાયું હતું.પારિવારિક મતભેદ વધતાં સાસુ દ્વારા મહિલાને સાસરીનું ઘર છોડી જવા જણાવવામાં આવ્યું હતું. આ પરિસ્થિતિમાં મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન અને સહાય મેળવવાની માંગણી કરી હતી.માહિતી મળતાં જ ૧૮૧ અભયમ ટીમે સ્થળ પર પહોંચી મહિલાની તેમજ સાસરી પક્ષની વાત શાંતિપૂર્વક સાંભળી સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ બંને પક્ષનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ટીમ દ્વારા સાસુ અને વહુ બંનેને પરસ્પર સન્માન, સંવાદ, સહનશીલતા અને સમજણથી પારિવારિક પ્રશ્નો ઉકેલવા અંગે સમજાવવામાં આવ્યું હતું.કાઉન્સેલિંગ દરમિયાન બંને પક્ષને સમજાવવામાં આવ્યું હતું કે પારિવારિક મતભેદોને કારણે સંબંધોમાં તણાવ વધે નહીં અને કોઈપણ નિર્ણય ઉતાવળમાં લેવામાં ન આવે. પરસ્પર વાતચીત, સમજણ અને સહકારથી સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ૧૮૧ અભયમ ટીમે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ ઉપરાંત મહિલાને ઘરેલું હિંસા, માનસિક હેરાનગતિ તથા અન્ય મુશ્કેલ પરિસ્થિતિમાં ઉપલબ્ધ કાયદાકીય સુરક્ષા અને મહિલાના અધિકારો અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જરૂરિયાત જણાય ત્યારે પોલીસ તથા કાનૂની સહાય સહિતની ઉપલબ્ધ સરકારી સેવાઓનો સંપર્ક કરી શકાય તે અંગે પણ સમજ આપવામાં આવી હતી.

૧૮૧ અભયમ ટીમના અસરકારક કાઉન્સેલિંગ અને સમજાવટ બાદ સાસુ તથા વહુ બંનેએ પરસ્પર સમજણ, સન્માન અને સહકાર સાથે આગળ વધવાની સંમતિ દર્શાવી હતી. બંને પક્ષે પારિવારિક સંબંધો જાળવી રાખવા તથા ભવિષ્યમાં કોઈપણ મતભેદને વાતચીત અને સમજણથી ઉકેલવાનો નિર્ણય કર્યો હતો.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat